દાખલ તારીખ :–૨૩/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ :–૨૩/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ :–૧૬/૦૬/૨૦૨૬
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૦– ૦૩ – ૨૪

---

**ભિલોડાના મહેરબાન એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ભિલોડા,જી.અરવલ્લી.**

---

**<u>ફોજદારી કેસ નં.૨૩૧/૨૦૨૬</u>**
**આંક :૧૮**

**–:: ફોર્મ–એ ::–**

| | |
|---|---|
| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભિલોડા – અરવલ્લી**<br>હુકમની તારીખ:–૧૬/૦૬/૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર:–૨૩૧/૨૦૨૬** | |
| પોલીસ સ્ટેશન | ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૮૩૬/૨૦૨૫ |
| ગુન્હો | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧(૧),૨૨૧, ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. એમ.પી.કલહટ** |
| –:: વિરૂધ્ધ ::– | |
| આરોપી | (૧) જીતેન્દ્રભાઈ શકરાભાઈ કટારા,<br>ઉ.વ.૨૩,ધંધો–નોકરી,ધર્મે–હીન્દુ,<br>(૨) વિજયભાઈ બાબુભાઈ કટારા,<br>ઉ.વ.૩૨,ધંધો–નોકરી,ધર્મે–હીન્દુ,<br>(૩) મુકેશભાઈ બાબુભાઈ કટારા,<br>ઉ.વ.૪૦,ધંધો–નોકરી,ધર્મે–હીન્દુ,<br>તમામ રહે.મહેરુ,તા.ભિલોડા જી.અરવલ્લી. |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલશ્રી : એમ.એ.ઈપ્રોલીયા** |

## –:: ફોર્મ–બી ::–

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૨૪/૧૧/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૨૫/૧૧/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૨૩/૦૨/૨૦૨૬ |
| ત્હોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૦૮/૦૬/૨૦૨૬ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૧૫/૦૬/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૧૫/૦૬/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૧૬/૦૬/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

## –:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) થી (૩) |
| આરોપીનું નામ | (૧) જીતેન્દ્રભાઈ શકરાભાઈ કટારા,<br>(૨) વિજયભાઈ બાબુભાઈ કટારા,<br>(૩) મુકેશભાઈ બાબુભાઈ કટારા, |
| ધરપકડ કર્યા તારીખ | તા.૦૩/૧૨/૨૦૨૫ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૦૩/૧૨/૨૦૨૫ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧(૧), ૨૨૧,૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | – |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

## –:: ફોર્મ–સી ::–

### એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧. | સુભાષભાઈ મહેન્દ્રભાઈ ભગોરા | ફરીયાદી | ૧૨ |
| ૨. | ચીરાગકુમાર અનીલભાઈ કોટડ | સાહેદ | ૧૪ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**<u>એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–</u>**

| **ક્રમ** | **દસ્તાવેજોનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૩ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૫ |
| ૩. | મેડીકલ સર્ટીફિકેટસ | ૧૬ |
| ૪. | કલોઝીંગ પુરસીસ | ૧૭ |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.**

<u>–:: ઠરાવ ::–</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,ગઈ તા.૨૪/૧૧/૨૦૨૫ ના કલાક.૧૯/૦૦ વાગ્યે મોજે.મહેરુ(માવજીપુરા) ગામે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી સાથે અમોને પાવર કેમ મોડો આપેલ હતો તેમ કહી ગાળો બોલી બોલાચાલી કરતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ડાબા ગાલ ઉપર લાફો મારી સરકારી ફરજમાં રુકાવટ કરી સાહેદ ચીરાગભાઈ અનીલભાઈ કોટડનાને આરોપી નં.૧

નાએ છાતીના ભાગે પથ્થર મારી નીચે પાડી દઈ આરોપી નં.૧ થી ૩ નાએ સાહેદ ચીરાગભાઈ અનીલભાઈ કોટડને ગડદાપાટુનો માર મારી, બિભત્સ ગાળો બોલી,જાનથી મારી નાખવાની ધમકીઓ આપી,એકબીજાની મદદગારી કરી,ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૨૧(૧),૨૨૧,૧૧૫(૨), ૩૫૨,૩૫૧(૩),૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ આરોપીઓને પ્રોસેસ કાઢતાં અને હાજર થતાં, આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૨૧(૧),૨૨૧,૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩),૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ આંક-૦૮ થી તહોમતનામુ ફરમાવી આંક-૦૯ થી ૧૧ સુધી આરોપીઓનુ નીવેદન લેતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | સુભાષભાઈ મહેન્દ્રભાઈ ભગોરા | ફરીયાદી | ૧૨ |
| ૨. | ચીરાગકુમાર અનીલભાઈ કોટડ | સાહેદ | ૧૪ |

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| **ક્રમ** | **દસ્તાવેજોનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૩ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૫ |
| ૩. | મેડીકલ સર્ટીફિકેટસ | ૧૬ |
| ૪. | કલોઝીંગ પુરસીસ | ૧૭ |

(૪) ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૩(૧) અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ,જેમાં પણ આરોપીઓએ ફરીથી ગુનાનો ઈન્કાર કરેલ છે અને બચાવના સાહેદો તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે.તેઓના વિશેષ નિવેદનમાં તેમના વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનુ અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૫) આ કામમાં ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી.કલહટ તથા બચાવપક્ષે વિ.વકીલશ્રી એમ.એ.ઈપ્રોલીચાની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-::મુ દા ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૪/૧૧/૨૦૨૫ ના કલાક.૧૯/૦૦ વાગ્યે મોજે. મહેરુ(માવજીપુરા) ગામે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી સાથે અમોને પાવર કેમ મોડો આપેલ હતો તેમ કહી ગાળો બોલી બોલાચાલી કરતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ડાબા ગાલ ઉપર લાફો મારી સરકારી ફરજમાં રુકાવટ કરી સાહેદ ચીરાગભાઈ અનીલભાઈ કોટડનાને આરોપી નં.૧ નાએ છાતીના ભાગે પથ્થર મારી નીચે પાડી દઈ આરોપી નં.૧ થી ૩ નાએ સાહેદ ચીરાગભાઈ અનીલભાઈ કોટડને ગડદાપાટુનો માર મારી,બિભત્સ ગાળો બોલી,જાનથી મારી નાખવાની ધમકીઓ આપી,એકબીજાની મદદગારી કરી,ભારતીય ન્યાય સંહિતાનીકલમ-૧૨૧(૧),૨૨૧,૧૧૫(૨),૩૫૨,૩૫૧ (૩),૫૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**<u>મૌખીક પુરાવો–</u>**

(૮) ફરીયાદપક્ષ તર્ફે ફરીયાદી સુભાષભાઈ મહેન્દ્રભાઈ ભગોરાને આંક–૧૨ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''બનાવ આજથી નવેક માસ પહેલા બનેલો.બનાવ વખતે હુ મારી મો.સા.લઈને ફરજ પર જવા માટે નીકળેલ હતો તે વખતે જસવંતપુર ફીડર ફોલ્ટમાં હોવાથી હુ લાઈન પર મારી મો.સા.લઈને ચેક કરવા સારુ ગયેલ અને આ ફીડરોની લાઈન ચેક કરી સવારના આશરે અગીયારેક વાગે ફીડરો ચાલુ કરેલા ત્યારબાદ સાંજના આશરે સાડા ચારેક વાગેના અરસામાં હુ જેશીંગપુર કંપા ખાતે હતો તે વખતે મારા ઉપર કોઈનો ફોન આવેલો કે,હુ અભાપુરથી બોલુ છુ, તમોએ અમને સવારના પોણા નવેક વાગે પાવર આપવાના બદલે અગીયારેક વાગે મોડો કેમ પાવર આપેલ હતો તેવી વાત કરેલ અને તમો નવા ભેટાલી સબસ્ટેશન ખાતે આવો અને તમને માર મારવો છે તેવી ધમકીઓ આપતો હોય જેથી મેં મારા સાઢુ અનીલભાઈ કોટડને ફોન કરેલ અને પછી હુ મારુ કામકાજ પુરુ કરી સાંજના આશરે છએક વાગેના અરસામાં નવા ભેટાલી સબસ્ટેશન ખાતે સરકારી કામકાજ અર્થે ગયેલ તે વખતે અમારા ગામના જીતેન્દ્રભાઈ શકરાભાઈ કટારા હાજર હોય તેઓ મારી સાથે પાવર કેમ મોડો આપેલ હતો તેમ કહી સામાન્ય બોલાચાલી કરેલી અને તે વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ જેથી ધકકામુકી થતા મને શરીરે સામાન્ય ઈજાઓ થયેલી જેથી આ બાબતે મારા સાઢુના દીકરા ચીરાગભાઈ,કેવલભાઈ તથા મારી પત્ની રમીલાબેન તથા ભત્રીજા અલ્પેશભાઈ ત્યાં આવેલા અને આજુબાજુમાંથી ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને આ બાબતે અમોએ અંદરોઅદર સમાધાન કરેલ પરંતુ ફરી

પાછી સામાન્ય બોલાચાલી થતાં અમોએ ઉશ્કેરાટમાં આવીને ભીલોડા પો.સ્ટે. માં ફરીયાદ આપેલી પરંતુ હવે અમારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તથા હાલનો કેસ આગળ ચલાવવો નથી કે કોઈ સાક્ષી તપાસવાના નથી.મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવી રજુ કરુ છુ જે દા.આંક–૧૩ આપવામાં આવે છે.આ સીવાય બીજુ કઈ બનેલ નહી.''જયારે તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે,બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય કઈ બનેલ નહી.એ વાત ખરી છે કે,આરોપીઓએ ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.એ વાત ખરી  છે કે,આરોપીઓ સાથે ઘરબહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે.એ વાત ખરી છે કે,મેં હાલના બનાવ અંગે કોઈ સારવાર લીધેલ નથી.''

(૯) ફરીયાદપક્ષ તર્ફે સાહેદ ચીરાગભાઈ અનીલભાઈ કોટડને આંક–૧૪ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''બનાવ આજથી નવેક માસ પહેલા બનેલો.બનાવમાં અમારે આ કામના આરોપીઓ સાથે પાવર કેમ મોડો આવેલ તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ જેથી ધકકામુકી થતા મને શરીરે સામાન્ય ઈજાઓ થયેલી જેથી ઉશ્કેરાટમાં આવીને મારા માસા સુભાષભાઈએ ફરીયાદ આપેલી પરંતુ હવે અમારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તથા હાલનો કેસ આગળ ચલાવવો નથી કે કોઈ સાક્ષી તપાસવાના નથી.પોલીસે મારો જવાબ લીધેલ.આ સીવાય બીજુ કઈ બનેલ નથી.''જયારે તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય કઈ બનેલ નહી.એ વાત ખરી છે કે,આરોપીઓએ ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી

આપેલ નથી.એ વાત ખરી છે કે,આરોપીઓ સાથે ઘરબહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે.''

**<u>આખરી ચર્ચા</u> :–**

(૧૦) આમ,ફરીયાદપક્ષે રજુ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદીએ જ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.ફરીયાદપક્ષ અને આરોપી વચ્ચે કોર્ટ બહાર સમાધાન કરવામાં આવેલુ હોઈ સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષે તે મુજબ જુબાની આપેલ છે. આરોપીપક્ષે નિખાલસપણે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કબુલ રાખતા તે રેકર્ડ પર તો આવેલ છે પરંતુ સદર પંચનામા રેકર્ડ પર આવવા છતાં એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલો.ફરીયાદી એવુ જણાવે છે કે,આ કામના આરોપીઓ સાથે પાવર મોડો આપવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ જેથી ધકકામુકી થતા તેઓને શરીરે સામાન્ય સામાન્ય ઈજાઓ થયેલી જેથી ઉશ્કેરાટમાં આવીને તેઓએ ફરીયાદ આપેલ તથા બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ એ હકીકત કબુલ રાખે છે કે,આરોપીએ તેઓને કોઈ માર મારેલ નથી કે ઈજા કરેલ નથી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી તથા બોલાચાલી સીવાય બીજુ કઈ બનેલ નથી તે સંજોગોમાં તપાસ કરનાર અમલદાર કે મેડીકલ ઓફીસરશ્રીને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી.આમ,ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.ફરીયાદપક્ષના પુરાવાઓનું મુલ્યાં કન આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ત્હોમત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.ઉપરોકત તમામ ચર્ચા મુજબ **મુદ્દા નં.(૧)** નો જવાબ ''**નકાર**''માં આપી **મુદ્દા નં.(૨)** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

// **આ ખ રી  હુ ક મ** //

(૧) આ કામના આરોપી નં.(૧)જીતેન્દ્રભાઈ શકરાભાઈ કટારા તથા આરોપી નં.(૨) વિજયભાઈ બાબુભાઈ કટારા તથા આરોપી નં.(૩) મુકેશભાઈ બાબુભાઈ કટારા,ત્રણેય રહે.મહેરુ,તા.ભિલોડા જી.અરવલ્લીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧(૧),૨૨૧, ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આ કામના આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ અપીલ સમયના જામીન રકમ રૂા.૫,૦૦૦/–ના રજુ કરવા.

હુકમ આજ રોજ તારીખ.૧૬ મી, માહે–જુન, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૬–૦૬–૨૦૨૬
મુકામઃ ભીલોડા

(એમ.એ.મકરાણી)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01007